# જીલ્લા કૃષિ હવામાન એકમ (DAMU)

ગ્રામીણ કૃષિ મૌસમ સેવા (GKMS)
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી
અમરેલી-૩૬૫૬૦૧
ફોન નં. ૦૨૭૯૨ ૨૨૭૧૨૨

**(જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી અને ભારત મૌસમ વિભાગ દ્વારા સંપન્ન )**

#AmritMahotsav

**અહી ક્લિક કરી કૃષિ હવામાન બુલેટીન અંગે આપના પ્રતિભાવ અવશ્ય જણાવો**

અમરેલી જીલ્લાના તાલુકાઓ મુજબની હવામાન આધારિત કૃષિ સલાહ માટે **ટેલીગ્રામ** અથવા **વોટ્સએપ ગ્રુપમાં** જોડાવા અંતિમ પેજની મુલાકાત લો

**અમરેલી કૃષિ હવામાન બુલેટીન ક્ર. ૦૪૯/૨૦૨૩**
**તા. ૨૩-૦૬-૨૦૨૩**

**પાછલા અઠવાડીયાનું અમરેલીનું હવામાન**

| | હવામાન પરિબળો | 17-06-2023 | 18-06-2023 | 19-06-2023 | 20-06-2023 | 21-06-2023 | 22-06-2023 | 23-06-2023 |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વરસાદ (મી.મી.) | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| ૨ | મહત્તમ તાપમાન (°સે.) | 33.6 | 34.5 | 35.7 | 36.7 | 36.8 | 36.6 | 36.8 |
| ૩ | લઘુત્તમ તાપમાન (°સે.) | 27.7 | 27.4 | 26.3 | 26.7 | 26.5 | 26.8 | 26.8 |
| ૪ | મહત્તમ ભેજ સવાર (%) | 95 | 96 | 97 | 100 | 96 | 97 | 83 |
| ૫ | લઘુત્તમ ભેજ બપોર (%) | 59 | 50 | 45 | 41 | 42 | 45 | 40 |
| ૬ | પવનની ગતિ (કિ.મી./કલાક) | 18.7 | 17.7 | 15.4 | 12.8 | 12.1 | 11.0 | 9.9 |
| ૭ | પવનની દિશા (ડિગ્રી) | 34 | 51 | 61 | 57 | 52 | 51 | 51 |
| | | ઇશાન | ઇશાન | પૂર્વ ઇશાન | પૂર્વ ઇશાન | પૂર્વ ઇશાન | પૂર્વ ઇશાન | પૂર્વ ઇશાન |
| ૮ | વાદળની સ્થિતિ (ઓકટા) ૮ માંથી | 7 | 6 | 5 | 3 | 2 | 4 | 2 |

**અમરેલી જીલ્લાની તા. 24/06/2023 થી 28/06/2023 ની હવામાન આગાહી:**

| # | હવામાન પરિબળો | 24/06/2023 | 25/06/2023 | 26/06/2023 | 27/06/2023 | 28/06/2023 |
|---|---|---|---|---|---|---|
| ૧ | વરસાદ (મી.મી.) | 0 | 0 | 0 | 7 | 12 |
| ૨ | **મહત્તમ તાપમાન (°સે.)** | 36 | 36 | 36 | 36 | 35 |
| ૩ | લઘુત્તમ તાપમાન (°સે.) | 26 | 26 | 26 | 26 | 25 |
| ૪ | મહત્તમ ભેજ સવાર (%) | 74 | 72 | 73 | 74 | 76 |
| ૫ | લઘુત્તમ ભેજ બપોર (%) | 44 | 50 | 47 | 49 | 53 |
| ૬ | પવનની ગતિ (કિ.મી./કલાક) | 21 | 21 | 25 | 26 | 27 |
| ૭ | પવનની દિશા (ડિગ્રી) | 248 | 248 | 248 | 248 | 248 |
| | | પશ્ચિમ નૈઋત્ય | પશ્ચિમ નૈઋત્ય | પશ્ચિમ નૈઋત્ય | પશ્ચિમ નૈઋત્ય | પશ્ચિમ નૈઋત્ય |
| ૮ | વાદળની સ્થિતિ (ઓકટા) ૮ માંથી | 5 | 7 | 8 | 8 | 7 |

**નોંધ**: આ આગાહી સમગ્ર જીલ્લાની સરેરાશ હોય છે એટલે તેને કોઇ પણ એક જગ્યા માટે લાગુ કરવી નહિ.


## કૃષિ સલાહ

| | |
|---|---|
| **હવામાન સારાંશ** | અમરેલી જીલ્લામાં આગામી ૫ દિવસ દરમિયાન હવામાન ભેજવાળું અને વાદળછાયું રહેવાની શક્યતા છે. મહત્તમ તાપમાન **૩૫-૩૬** °સે અને લઘુત્તમ તાપમાન **૨૫-૨૬** °સે જેટલું રહેવાની શક્યતા છે. તા. ૨૪-૨૫ જૂન દરમિયાન જીલ્લામાં અમુક વિસ્તારોમાં ઓછી શક્યતા સાથે ખુબ હળવા થી હળવા, અને તા. ૨૬ થી ૨૮ જૂન દરમિયાન છુટા છવાયા વિસ્તારોમાં હળવા વરસાદની શકયતા છે. |

મહત્તમ પવનની ગતિ સામાન્ય કરતા વધુ, અંદાજીત ૨૧-૨૭ કિમી/કલાક સુધી ની રહેવાની શક્યતા છે. પવનની દિશા પશ્ચિમ-નૈઋત્ય રહેવાની શક્યતા છે.

**નૈઋત્ય ચોમાસું:** નૈઋત્ય ચોમાસું આજે ૨૩ જુને કર્ણાટક, મહારાષ્ટ્રના અમુક ભાગો, ઉત્તર પ્રદેશમાં આગળ વધ્યું છે, આગામી ૩-૪ દિવસમાં ચોમાસું મહારાષ્ટ્રના બાકીના વિસ્તારોમાં, તેમજ કર્ણાટક અને તેલંગાણામાં આગળ વધે તેવી શક્યતા છે.

**આગોતરું અનુમાન: તા. ૨૯ જુન થી ૦૩ જુલાઈ ૨૦૨૩** દરમિયાન **સૌરાષ્ટ્ર** વિસ્તારમાં હવામાન ભેજવાળું અને આંશિક વાદળછાયું રહેવાની શક્યતા છે. **મહત્તમ તાપમાન ૨૮-૩૪ °સે** અને **લઘુતમ તાપમાન ૨૮-૩૦ °સે** રહેવાની શક્યતા છે. આ અઠવાડિયુ વરસાદી પરિસ્થિતિ માટે સાનુકુળ રહેશે જેથી ઘણા વિસ્તારોમાં હળવા થી મધ્યમ વરસાદની શક્યતા છે.




**સામાન્ય કૃષિ સલાહ**

→ આગોતરા અનુમાન મુજબ બીજા અઠવાડિયા દરમિયાન વરસાદી પ્રવૃત્તિમાં વધારો જોવા મળશે જેના પગલે જે ખેડૂતોને ચોમાસું પાકોની વાવણી બાકી છે તેમણે વાવણીની તૈયારી કરવી.

→ કોઈપણ પાકના બિયારણને પટ આપવા માટે પહેલા ફૂગનાશક, કીટનાશક અને ત્યારબાદ જ જૈવિક ખાતરનો પટ આપવો.

→ બિયારણ → ફૂગનાશક → કીટનાશક → જૈવિક ખાતર

**SMS**

→ ચોમાસા પહેલાં કરમીયાની દવા પશુઓને પીવડાવી કારણ કે ચોમાસામાં કરમિયાનું પ્રમાણ વધે છે.

## પાક મુજબ કૃષિ સલાહ

| પાક | પાક અવસ્થા | કામગીરી / જાત / રોગ/ જીવાત | કૃષિ સલાહ |
|---|---|---|---|
| કપાસ | વાવેતર | વાવેતર | • વાવણી લાયક વરસાદ થયેથી જૂલાઈના બીજા અઠવાડીયા સુધીમાં વાવેતર કરવું |
| | | ખાતર | • ૧૦ ટન પ્રતિ હેક્ટરે સેન્દ્રિય ખાતર (છાણીયું ખાતર) નાખવું.<br>• રાસાયણિક ખાતરો જમીનના પરીક્ષણ પછી, વાવેતર સમયે 55 કિ.ગ્રા./ હેક્ટર **DAP** અને 125 કિ.ગ્રા./ હેક્ટર મ્યુરેટ ઓફ પોટાસ આપી શકાય છે. |
| | | વાવેતર અંતરઃ | • પાયામાં રસાયણિક ખાતર પપ કિગ્રા **DAP** અને ૧૨પ કિગ્રા મ્યુરેટ ઓફ પોટાશ પ્રતિ હેક્ટર (જમીન ચકાસણી કરાવ્યા બાદ જેટલું ઘટતું હોય તેટલું જ નાખવું) |
| | | બિયારણનો દરઃ | • પિયત વાળા વિસ્તારમાં બે ચાસ વચ્ચે ૧૨૦ સે.મી. અને બે છોડ વચ્ચે ૪પ સે.મી., અને બિનપિયત વિસ્તારમાંઆ અંતર ૯૦, ૩૦ સેમી રાખવું |
| | | બીજ માવજતઃ | • ૩.૫ થી ૪.૦ કિ.ગ્રા./હે, જમીનમાના ભેજને ધ્યાનમાં રાખી ૪-૬ સે.મી.ની ઉડાઈએ વાવણી કરવી દેશી જાતો ઓરીને વાવેતર કરવી બિયારણનો દર ૧૫ થી ૨૦ કિલોગ્રામ પ્રતિ હેક્ટર રાખવો. |
| | | જાત પસંદગી | • દેશી : ગુજરાત કપાસ દેશી, સંકર-૭, ૯, ૧૧, ગુજરાત કપાસ-૧૩, ૧૭, ૨૧, ૨૩, ૨૫<br>• સંકર જાતોઃ ગુજરાત, સંકર કપાસ-૪, ૬, ૮, ૧૦, ૧૨<br>• બીટી :ગુજરાત કપાસ સંકર ૬, ૮, ૧૨ અને જીટીએચએચ-૪૯ (બીજી-૨) તથા સરકાર માન્ય જુદી જુદી બીટી જાતો |

| | | | |
|---|---|---|---|
| | | **પરવાણી અને ખાલા પુરવા** | • બે કે વધુ છોડ હોય ત્યાં એક છોડ રાખી પારવણી કરવી, તથા જયાં બીજ ઉગેલ ન હોય ત્યાં ખાલા જલ્દી પુરવા |
| | | **આંતર પાક** | • આંતર પાક તરીકે મઠ અથવા અડદ નું વાવેતર કરવાથી મુળખાઇ રોગ નું પ્રમાણ ઘટાડી શકાય છે.<br>• મુળખાઇ રોગ: છોડ એકાએક ચીમળાઇ જાય છે. ખેતરમાં ગોળાકાર સ્વરૂપે છોડ સુકાય જાય છે. છોડ સહેલાઈથી ખેંચી શકાય છે.  |
| **મગફળી (ચોમાસુ)** | **વાવેતર** | **વાવેતર** | • મગફળીના વાવેતર માટે વરસાદ થયે સમયસરના વાવેતર માટે ઉભડી, અર્ધવેલડી અથવા વેલડી એમ કોઈપણ પ્રકારની મગફળીની જાતનું વાવેતર કરવું. |
| | | **ખાતર** | • સેન્દ્રીય ખેતી કરતા ખેડૂતોએ હેકટરે ૮ થી ૧૦ ટન કોહવાયેલુ ગળતીયુ ખાતર અથવા ૫૦૦ કિગ્રા દિવેલીનો ખોળ જમીનમાં આપવો સાથે જૈવિક કન્સોર્ટીયા (**NPK**) ખાતર ૧૦ મિલી પ્રતિ કિલોગ્રામ બિયારણે પટ આપવો.<br>• રાસાયણિક ખાતર વાપરતા ખેડૂતોએ હેકટરે ૧૨.૫ કિગ્રા નાઇટ્રોજન, ૨૫ કિગ્રા ફોસ્ફરસ અને ૫૦ કિગ્રા પોટાશ જમીન ચકાસણી કરાવ્યા બાદ જરૂર મુજબ ચાસમાં આપવું. આ માટે એમોનીયમ સલ્ફેટ ૬૨.૫ કિલોગ્રામ અને સીંગલ સુપર ફોસ્ફેટ ૧૫૬ કિલોગ્રામ પ્રતિ હેકટરે ચાસમાં આપવુ.<br>• જમીનમાં ગંધક, લોહ અને ઝીંક ની ઉણપ જોવા મળે તો ૨૦ કિગ્રા સલ્ફર, ૧૦ કિલોગ્રામ ફેરસ સલ્ફેટ અને ૨૦ કિલગ્રામ ઝીંક સલ્ફેટ પ્રતિ હેક્ટર પાયાના ખાતર તરીકે આપવું. |
| | | **બીજ માવજત** | • જમીનજન્ય ફૂગ અને સફેદ ઘૈણના જૈવિક નિયંત્રણ માટે ટ્રાયકોડર્મા ૧૦ ગ્રામ પ્રતિ કિગ્રા બીજ, અને મેટારીજીયમ એનીસોપ્લી હેકટરે ૮ કિલોગ્રામ જમીનમાં આપવું.<br>• જમીનજન્ય ફૂગ અને સફેદ ઘૈણના રસાયણિક નિયંત્રણ માટે બીજને વાવતા પહેલા ૩ ગ્રામ ફૂગનાશક દવા (થાયરમ અથવા કાર્બેન્ડેઝીમ અથવા મેન્કોઝેબ) અને કવીનાલફોસ ૨૫ ઈસી અથવા કલોરપાયરીફોસ ૨૦ ઈસી માની કોઈપણ એક દવા પસંદ કરી ૧૫ થી ૨૦ મિલી દવા પ્રતિ ૧ કીલોગ્રામ બીજને પટ આપી વાવતા પહેલા ૩-૪ કલાક છાંયડામા સુકવી વાવેતર કરવું. |
| | | **જાતો** | • વેલડી જાત (આગોતરી વાવણી): જીએયુજી-૧૦, જીજી-૧૧, જીજી-૧૩, જીજેજી-૧૭ (મોડી પાકતી જાતો).<br>• અર્ધ વેલડી (સમયસર વાવણી-૧૫ થી ૩૦ જુન) : જીજી-૨૦ અને જીજેજી-૨૨<br>• ઉભડી (મોડી વાવણી): જીજી-૨, જીજી-૫, જીજી-૭, જીજેજી-૯ (વહેલી પાકતી જાતો) |
| | | **ખાલા પુરવા** | • બીજનુ સ્ફૂરણ થયા બાદ જયાં ખાલા પડેલ હોય ત્યાં ૧૦ દિવસમાં દાણા ચોંપીને વાવેતર કરેલ વિસ્તારમાં છોડની પૂરતી સંખ્યા જાળવવી. |
| | | **આંતરખેડ અને નિંદામણ :** | • મગફળીના પાકને પ્રથમ દોઢ મહીના સુધી નિંદામણમુકત રાખો. એટલા માટે વાવણી પછી ૨૦ દિવસે પ્રથમ આંતરખેડ અને હાથ નિંદામણ કરવા. ત્યારબાદ ૨૦ દિવસ પછી બીજી વાર આંતરખેડ અને હાથ નિંદામણ કરવા. |
| | | **આંતર પાકો** | • મગફળી એકલો પાક લેવાથી મોટુ નુકશાન થવા સંભવ રહે છે. એટલે મગફળી સાથે કપાસ, એરંડા, તુવેર, તલ, સૂર્યમુખી જેવા પાકો આંતરપાક તરીકે લેવાથી ઉત્પાદન જોખમ ઘટાડી શકાય, સરવાળે બે પાકમાંથી ખેડૂતને વધુ આવક મળી શકે છે. એટલે આંતર કે રીલે પાક પધ્ધતિ અપનાવવી. |
| | **વાવેતર** | **વાવેતર** | • વાવણી લાયક વરસાદ થાય કે તરત જ વાવેતર કરવું |

| | | |
|---|---|---|
| **બાજરો (ચોમાસુ)** | **જાતો** | • જીએચબી-૫૫૮ જીએચબી-૫૩૮, જીએચબી-૫૭૭, જીએચબી-૭૧૯, જીએચબી-૭૩૨ અને જીએચબી-૭૪૪ |
| **તલ (ચોમાસુ)** | **વાવેતર** | • જૂનના ત્રીજા અઠવાડીયાથી જૂલાઈના અઠવાડીયા દરમ્યાન વાવણી લાયક વરસાદ થતા કરવું. |
| | **જાતો** | • ગુજરાત તલ- ૨, ગુજરાત તલ-૩, અને ગુજરાત તલ-૫ |
| **તુવેર** | **વાવેતર** | • વાવણી લાયક વરસાદ થી લઇ જુલાઈ મહિનાના ત્રીજા અઠવાડિયા સુધી વાવેતર કરી શકાય |
| | **જાતો** | • વહેલી પાકતી: ગુજરાત તુવેર-૧, ગુજરાત તુવેર-૧૦૧<br>• મોડી પાકતી: જીજેપી-૧, બીડીએન-૨, વૈશાલી |
| | **બિયારણનો દર** | • વહેલી પાકતી: ૨૦-૨૫ કિલોગ્રામ પ્રતિ હેક્ટર<br>• મોડી પાકતી: ૧૫-૨૦ કિલોગ્રામ પ્રતિ હેક્ટર |
| **મગ/અડદ** | **વાવેતર** | • વાવણી લાયક વરસાદ હોય ત્યાં સમયસર વાવેતર પૂર્ણ કરવું |
| | **જાતો** | • મગ: ગુજરાત મગ-૪, કે-૮૫૧, ગુજરાત આણંદ મગ-૫ (પીળા પંચરંગીયા સામે પ્રતિકારક)<br>• અડદ: ગુજરાત અડદ -૧, ૨ |
| | **બિયારણ નો દર** | • ૧૮ થી ૨૦ કી.ગ્રા./હેક્ટર |
| | **બીજ માવજત** | • બીજને વાવતા પહેલા પ્રથમ થાયરમ / કેપ્ટાન / કાર્બેન્ડાઝીમ ૩ ગ્રામ /કિ.ગ્રા., ત્યારબાદ કીટનાશક દવા ઈમીડાકલોપ્રીડ ૭૦ ડબલ્યુ.એસ. અથવા થાયોમીથોકઝામ ૭૦ ડબલ્યુ.એસ. ૫ ગ્રામ/કિ.ગ્રા. પ્રમાણે પટ (મોલોમશી, તડતડીયા, થ્રીપ્સ અને સફેદમાખીના નિયંત્રણ માટે) આપવો અને છેલ્લે બીજને રાઈઝોબીયમ અને પી.એસ.બી. કલ્ચરનો પટ ૨૫૦ ગ્રામ / ૮ થી ૧૦ કિ.ગ્રા. બીજ પ્રમાણે બનેનો પટ આપવો. |
| | **ખાતર** | • હેક્ટરે ૨૦ કિ.ગ્રા. નાઇટ્રોજન અને ૪૦ કિ.ગ્રા. ફોસ્ફરસ તત્વની જરૂરીયાત છે. જેના માટે ૮૭ કિ.ગ્રા. **DAP** અને ૯ કિ.ગ્રા. યુરીયા જમીન ચકાસણી અહેવાલ મુજબ આપવું.<br>• પાયાનું ખાતર ચાસમાં બીજના વાવેર વખતે અથવા પહેલા ઓરીને આપવું. સલ્ફરની ઉણપ હોયતો હેકટરે ૨૦ કિ.ગ્રા. સલ્ફર આપવો.<br>• પૂર્તિખાતર તરીકે યુરિયા કયારેય આ પાકોમાં આપવો નહિ. |
| | **નીંદણ નિયંત્રણ** | • એક માસ સુધી નિંદામણ મુકત રાખવો.<br>• ખેતમજુરોની અછત હોય તો પેન્ડીમીથીલીન નિંદામણ નાશક દવા ૧.૦ કિ.ગ્રા. સક્રીય તત્વ (૩.૩ લીટર / ૫૦૦ થી ૬૦૦ લીટર પાણીમાં ભેળવીને) પ્રતિ હેકટરે છાંટવી.<br>• આ દવા વાવેતર બાદ તુરતજ પરતું બીજ ઉગાવા પહેલાં જમીનમાં ભેજ હોય ત્યારે અસરકારક થાય છે. |
| **ચોળી** | **વાવેતર** | • વાવણી લાયક વરસાદ હોય ત્યાં સમયસર વાવેતર પૂર્ણ કરવું |
| | **જાતો** | • ગુજરાત ચોળા -૧,૨,૪ અને પૂસા ફાલ્ગુની |
| | **વાવણી અંતર** | • ૬૦ **X** ૪૫ સે.મી. અથવા ૬૦ X ૩૦ સે.મી. |
| | **ખાતર** | • ૧૫ કિ.ગ્રા. નાઇટ્રોજન, ૨૫ કિ.ગ્રા. ફોસ્ફરસ, ૨૫ કિ.ગ્રા. પોટાશ |
| **મકાઇ** | **વાવેતર** | • ૧૫ જૂન થી ૧૫ જુલાઈ સુધી વાવેતર કરી શકાય. |

| | | |
|---|---|---|
| | **જાતો** | • ઘાસચારા માટેઃ ગંગા સફેદ-૨, ફાર્મ સમેરી, ગંગા-૫, વિજય, ગુજરાત મકાઈ-૧, ગુજરાત મકાઈ-૨, ગુજરાત મકાઈ-૩, ગુજરાત મકાઇ-૪ અને પાયોનિયર સંકર. બેબી કોર્ન અને સ્વીટ કોર્નની જાતો પણ લીલા ચારા તરીકે ઉપયોગી છે. |
| | **બિયારણ નો દર** | • ઉત્પાદન માટેઃ વીનઓરેન્જ સ્વીટકોર્ન, અંબર, બેબીકોર્ન |
| | **વાવણી અંતર** | • ઘાસચારા માટેઃ હેકટર દીઠ ૬૦ કિ.ગ્રા. દર રાખી બે હાર વચ્ચે ૨૫-૩૦ સે.મી.નું અંતર જાળવી વાવણી કરવી જોઇએ. |
| | **બીજ માવજત** | • ઉત્પાદન માટેઃ ૨૦ થી ૨૫ કી.ગ્રા. પ્રતિ હેક્ટર |
| | **ખાતર** | • ઘાસચારા માટેઃ બે હાર વચ્ચે ૨૫-૩૦ સે.મી. નું અંતર |
| | **પારવાણી** | • ઉત્પાદન માટેઃ ૬૦ સે.મી. **X** ૨૦ સે.મી. થી ૭૫ સે.મી. **X** ૨૦ સે.મી. |
| | **નિદામણ** | • બીજને વાવતાં પહેલા એક કિલો બીજ દીઠ ૨ થી ૩ ગ્રામ કેપ્ટાન અથવા થાયરમનો પટ આપવો. |
| **મરચી** | **વાવેતર** | • ધરું માટે બેડ તૈયાર કરવું |
| | **જાતો** | • રેશમ પટ્ટા, ગુજરાત મરચી-૧૦૧, ૧૧૧, ૧૨૧, આણંદ મરચા-૧૩૧, ગુ.આણંદ મરચી-૧૧૨, ગુ.આણંદ સંકર મરચી-૧, વઢવાણી, ઘોલર, જવાલા. |
| | **બિયારણ નો દર** | • ૬૦૦ થી ૭૫૦ ગ્રામ પ્રતિ હેક્ટર |
| **દાડમ** | **પાક સંરક્ષણ** | • દાડમની ખેતીમાં ગાઠયા કૃમિનું નિયત્રણ માટે દાડમની ખેતી કરતા ખેડૂતોને ગાંઠયા કૃમિના અસરકારક અને અર્થક્ષમ નિયત્રણ માટે પેસીલીયોમાયસીસ લીલાસીનસ (૨ ૧૦ બીજાણું/ગ્રામ) ૨૦ કિ.ગ્રા/હે+ દિવેલી ખોળ ૨ ટન/હે. ચોમાસાની શરૂઆતમા અને ત્યારબાદ દર ૬ માસના આંતરે થડથી ૧૨ થી ૧૮ ઇંચ દુર તથા આશરે ૯ ઇંચ ઊંડી રીંગ કરીને જમીનમાં મૂળની નજીક આપવાની ભલામણ કરવામાં આવે છે. |
| **પશુપાલન**  | | • ચોમાસા પહેલાં કરમીયાની દવા પશુઓને પીવડાવી દેવી જોઇએ જેથી પશુઓને રોગો સામે રક્ષણ મળે કારણ કે ચોમાસામાં કરમિયાનું પ્રમાણ વધે છે.<br>• દૂધાળ ગાયોમાં શક્ય હોય ત્યાં સુધી દૂધ દોહન બાદ આંચળને એન્ટિસેપ્ટિક દ્રાવણમાં ડૂબાડવા જોઇએ જેથી એને પૂરેપૂરૂ રક્ષણ મળે.<br>• ચેપનાશક દવાઓનો ઉપયોગ કરી ફાર્મની ચોખ્ખાઇ જાળવી રાખવી ખૂબ જ જરૂરી છે.<br>• મે-જૂન મહિનામાં ગળસૂંઢાની રસી અવશ્ય મુકાવવી જોઇએ જેથી ચોમાસા દરમિયાન પશુઓ ગળસૂંઢા સામે બચી શકે. |

વિષય નિષ્ણાંત
કૃષિ હવામાનશાસ્ત્ર

## અમરેલી જીલ્લો




કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલી દ્વારા બનાવવામાં આવેલા અમરેલી જીલ્લાના **હવામાન આધારિત કૃષિ સલાહ** અંગેના તાલુકા મુજબના **વોટ્સએપ ગ્રુપમાં જોડાવા માટે** તમારા તાલુકા પર ક્લિક કરો.

**જીલ્લા કૃષિ હવામાન એકમ (DAMU)**, ગ્રામીણ કૃષિ મૌસમ સેવા (GKMS), કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી, અમરેલી-૩૬૫૬૦૧, ફોન નં. ૦૨૭૯૨ ૨૨૭૧૨૨

# District Agrometeorological Unit (DAMU)
## Gramin Krishi Mausam Seva (GKMS)
## Krishi Vigyan Kendra
## Junagadh Agricultural University
## Amreli-365601
## Phone: 02792-227122


Issued jointly by Junagadh Agricultural University and India Meteorological Department

#AmritMahotsav

**Join our Telegram channel and block wise WhatsApp groups**

## Amreli District Agromet Advisory Service bulletin. No. 049(2023)
## Date:23-06-2023

### Significant weather of past week, Amreli

| | Parameter | 17-06-2023 | 18-06-2023 | 19-06-2023 | 20-06-2023 | 21-06-2023 | 22-06-2023 | 23-06-2023 |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Rainfall (mm) | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 2 | Max.Temp.(°C) | 33.6 | 34.5 | 35.7 | 36.7 | 36.8 | 36.6 | 36.8 |
| 3 | Min.Temp.(°C) | 27.7 | 27.4 | 26.3 | 26.7 | 26.5 | 26.8 | 26.8 |
| 4 | RH-I (%) | 95 | 96 | 97 | 100 | 96 | 97 | 83 |
| 5 | RH-II (%) | 59 | 50 | 45 | 41 | 42 | 45 | 40 |
| 6 | Wind Speed (kmph) | 18.7 | 17.7 | 15.4 | 12.8 | 12.1 | 11.0 | 9.9 |
| 7 | Wind Direction(deg.) | 34 | 51 | 61 | 57 | 52 | 51 | 51 |
| | | NE | NE | ENE | ENE | ENE | ENE | ENE |
| 8 | Total CC (octa) out of 8 | 7 | 6 | 5 | 3 | 2 | 4 | 2 |

| Weather Forecast from 24/06/2023 to 28/06/2023 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| # | Parameter | 24/06/2023 | 25/06/2023 | 26/06/2023 | 27/06/2023 | 28/06/2023 |
| 1 | Rainfall (mm) | 0 | 0 | 0 | 7 | 12 |
| 2 | Max.Temp.(°C) | 36 | 36 | 36 | 36 | 35 |
| 3 | Min.Temp.(°C) | 26 | 26 | 26 | 26 | 25 |
| 4 | RH-I (%) | 74 | 72 | 73 | 74 | 76 |
| 5 | RH-II (%) | 44 | 50 | 47 | 49 | 53 |
| 6 | Wind Speed (kmph) | 21 | 21 | 25 | 26 | 27 |
| 7 | Wind Direction(deg.) | 248 | 248 | 248 | 248 | 248 |
| | | WSW | WSW | WSW | WSW | WSW |
| 8 | Total CC (octa) out of 8 | 5 | 7 | 8 | 8 | 7 |

**Note: Above forecast is the average situation of whole district**

### Agro-Advisory

| | |
|---|---|
| **Weather Summery** | ▪ The weather in Amreli District is likely to be moderate warm, humid, and mostly cloudy in next 5 days. isolated very light to light rainfall likely on next three days, isolated light to moderate rainfall likely on day 4-5 over the district. The maximum temperature is |


likely to be **35-36** °C. The minimum temperature is likely to be **25-26**° C in next five days.

- Wind direction likely from WSW **wind gust speed likley 21 to 27 km/h.**

- **Extended Range Forecast:** The
- weather of Saurashtra and Kutch is likely to be moderate warm, moderately humid and partly cloudy from 29 June to 02 July. The scattered to moderately widepsread light to moderate rainfall likely over the region in this week.

- The Southwest Monsoon has further advanced into some more parts of Karnataka, Telangana, remaining parts of Andhra Pradesh, some parts of Vidarbha, Chhattisgarh, remaining parts of Northwest Bay of Bengal, remaining parts of Odisha & Gangetic West Bengal, some more parts of Jharkhand & Bihar and some parts of East Uttar Pradesh today, the 23rd June.

- Conditions are also becoming favourable for further advance of Southwest Monsoon over some more parts of Maharashtra, Karnataka & Telangana during next 3-4 days.




**General Advisory**

→ Be prepare for the sowing of remaining remaining famers due to rainfall forecasted in subsequant week.

→ Keep maintain the sequence in seed treatment like first treat the seed with Fungicide, Insecticide and then after seed treatment with biofertilizer

→ Seed Treatment: Seed Material → Fungicide → Insecticide → Biofertilizer

**SMS Advisory:** Deworming tablet should be given to the animals before monsoon to protect the animals against worms which are increases in monsoon.

| Crops | Crop Stage | Practices | Advisory |
|---|---|---|---|
| Cotton | Mitigation | Land Preparation | • Plough the land and level it. Reduce the slope.<br>• Apply compost in the furrow in this month. |

| | | | |
|---|---|---|---|
| | | Pink bollworm | • Timely picking of the cotton and after that graze sheep, goats and cattle in cotton field.<br>• Make organic fertilizer of stalk of the cotton<br>• Remove and destroy the undesired plants of cotton in and around the field. |
| | **Sowing** | Sowing | • If there is adequate rainfall, Crop can be sowing till the second week of July. |
| | | Fertilizer | • Apply FYM @ 10 ton/had<br>• Chemical Fertilizer can be applyied after soil testing, DAP @ 55 kg and Murate of potash @ 125 kg per hactare at the time of sowing. |
| | | Spacing | • 120 X 45 cm in Irrigated and 90 X 30 in non-irrigate area. |
| | | Seed Rate | • 3.5 to 4.0 kg/ha in Bt cotton at 4 to 6 cm depth when adequate moisture in soil. And sowing by seed drill for arboreum cotton @ 15-20 kg/ha seed |
| | | Seed treatment | • Apply seed treatment to hybrid cotton by captain and thiram @ 2-3 g and Imidacloprid @ 7.5 g per Kg od seed |
| | | Varieties | • Arboretum: Gujarat Cotton Desi, Hybrid-7, 9, 11, Gujarat Cotton- 13,17, 23, 25<br>• Hybrid: Gujarat Cotton Hybrid-4, 6, 8, 10, 12<br>• BT: Gujarat Cotton Hybrid-6, 8, 12, GTHH-49 (BG-II), and other government approved seed. |
| | | Thinning and gap filling | • Where two or more plants remove extra plants, and fill the gaps in the field. |
| | | Intercrop | • Sowing of Mothbean or Blackgram as a intercrop to prevent Rhizoctonia disease. |
| **Groundnut** | **Sowing** | Sowing | • Sowing of Bunchy, Semi-spreading or spreading variety of groundnut according to onset of monsoon. |
| | | Fertilizer | • Organically cultivated groundnut apply 8 to 10 tons of FYM or 500 kg of castor cake in the soil per hectare, apply 10 ml per kg of seed for biological consortia (NPK).<br>• Farmers using chemical fertilizers should apply 12.5 kg nitrogen, 25 kg phosphorus and 50 kg potash per hectare in the furrow as per the soil report. For this, apply 62 kg of ammonium sulphate and 156 kg of single super phosphate per hectare.<br>• In order to check the deficiency of sulphur in the soil, 20 kg of sulphur per hectare, 10 kg of ferrous sulphate per hectare for iron and 20 kg of zinc sulphate per hectare for |

| | | | |
|---|---|---|---|
| | | | zinc should be given while preparing the soil as Basel dose of fertilizer. |
| | | Seed treatment | • For control of soil borne fungi, apply Trichoderma @10 gm/kg of seed, and for control of white grub, metarhizium anisopliae @ 8 kg / ha.<br>• OR apply fungicide like Thirum or Carbendazim or Mancozeb @ of 3 gm per 1 kg of seed. For white grub, choose either Quinalphos 25 EC or Chlorpyrifos 20 EC and @15 to 20 ml of per 1 kg seed. |
| | | Varieties | • spreading (Pre-sowing): GAUG-10, GG-11, GG-13, GJG-17 (Late maturing)<br>• Semi-spreading (Timely Sowing: 15 to 30 June): GG-20 and GJG-22<br>• Bunchy (Late sowing): GG-2, GG-5, GG-7, GJG-9 (Early maturing) |
| | | Gap filling | • Maintain plant population by gap filling through dibbling in the field in 10 days after sowing. |
| | | Interculturing and weed management | • Keep crop weed free for 45 days of sowing. One inter-culturing and hand weeding at 20 days after sowing, and repeat this practice after 20 days (i.e. 40 days after sowing). |
| | | Inter cropping | • Sowing of cotton, pigeon pea, castor, sesame, and sunflower as an intercrop with groundnut to reduce crop loss due to uneven weather and erratic rainfall. |
| **Pearl Millet** | Sowing | Sowing | • If sufficient rainfall received sowing of Pearl millet. |
| | | Varieties | • GHB-558, GHB-538, GHB-577, GHB-719, GHB-732 and GHB-744 |
| **Sesame** | | Sowing | • Sowing of crop from third week of June to first week of July. |
| | | Varieties | • GT-2, 3 and 5 |
| **Pigeon Pea** | | Sowing | • If sufficient rainfall received sowing in June to July. |
| | | Varieties | • Early maturing: Guj. Pigeon pea-1, Gujarat pigeon pea-101<br>• Late maturing: GJP-1, BDN-2, Vaishali |
| | | Seed rate | • Early maturing: 20-25 kg/ha<br>• Late maturing: 15-20 kg/ha |
| **Green Gram / Black Gram** | | Sowing | • If sufficient rainfall received sowing in June to July. |
| | | Varieties | • Green gram: GM-4, K-851, GAM-5(yellow vein mosaic virus resistant)<br>• Black gram: Gujarat Urd-1 and 2 (GU1) |

| | | |
|---|---|---|
| | Seed rate | • 18 to 20 kg/ha |
| | Seed treatment | • Treat the seed with thiram/ captan/ carbendazim @ 3 g/kg seed and then imidachloprid 70 WS / Thiomethoxam 70 WS @ 5g/kg after this, treat the seed with rhizobium and PSB @ 25g/kg. |
| | Fertilizer | • Requirement of the crop is 20-40-0 NPK kg/ha in soil, for this could be apply 87 kg DAP and 9 kg urea as per soil testing report.<br>• Apply basel fertilizer dose at or before sowing in the furrow. If there is Sulfur deficiency, apply sulphur @ 20 kg/ ha. |
| | Weed management | • Keep weeds free for one month.<br>• In case of shortage of farm lab spray pendimethylene herbicide @ 10 kg. active ingredient (3.3 liters / 500 to 600 liters of water) per hectare.<br>• This herbicide is effective immediately after sowing but before the seed germination when there is moisture in the soil. |
| **Maize** | Sowing | • Sowing can be done from 15th June to 15th July if sufficient moisture available in soil. |
| | Varieties | • Fodder: Ganga Safed-2, Farm Sameri, Ganga-5, Vijay, Gujarat Maize-1, 2, 3, 4 and Pioneer.<br>• Grain purpose: Win orange sweetcorn, Ambar, Babycorn. |
| | Seed rate | • Fodder: 60 kg/ha<br>• Grain: 20-25 kg/ha. |
| | Spacing | • Fodder: 25 -30 cm between two rows.<br>• Grain: 60 X 20 cm to 75 X 20 cm |
| | Seed treatment | • Captan or thiram @ 3 g/kg before sowing.<br>• After 24 hours treat the seed with azospirilum and phosphobacterial @ 5 ml/kg. |
| | Fertilizer | • Required Nutrients: 80-40-0 in NPK kg/ha, for this can be apply 87 kg DAP and 53 kg urea at the time of sowing, and 87 kg nitrogen 30 day after sowing as a split. |
| **Cowpea** | Sowing | • If sufficient rainfall received sowing in June to July. |
| | Varieties | • Gujarat cowpea-1,2,4, Pusa Falguni |
| | Spacing | • 60 X 45 cm OR 60 X 30 cm |
| | Fertilizer | • 15 kg. Nitrogen, 5 kg. Phosphorus, 2 kg. Potash |
| **Chilli** | Sowing | • Prepare the bed for dhar |
| | Varieties | • Resham Pataa, Gujarat Chilli-101, 111, 121, Anand Chilli-131, G. Anand Chilli-112, G. Anand Sankar Chilli-1, Wadhwani, Gholar, Jawala. |

| | | |
|---|---|---|
| | Seed rate | • 600 to 750 g/ha |
| **Pomegranate** | Crop Protection | • For effective and efficient control of nematodes, it is recommended to make a ring 12 to 18 inches away from the trunk and about 9 inches deep near the roots in the soil and apply *Paecilomyces lilacinus* 20 kg/ha at the beginning of monsoon and thereafter at intervals of every 6 months. |
| **Livestock**  | | • Deworming tablet should be given to the animals before monsoon to protect the animals against worms which are increases in monsoon.<br>• In milking cows, the udder should be dipped in antiseptic solution after milking as far as possible to give it complete protection.<br>• It is very important to maintain the cleanliness of the farm using pesticides.<br>• The gonorrhea vaccine must be given in May-June to protect the animals against HS (Hemorrhagic septicemia) during the monsoon. |

**Subject Matter Specialist**
**Agrometeorology**

## Click your block to join whatsapp group of DAMU

| | |
|---|---|
| Amreli District | https://chat.whatsapp.com/LJHGrl5dR3e7tcIALWDiw8 |